ઈંગ્લેન્ડ 465માં ઓલઆઉટ, ભારતને પાતળી સરસાઈ

દિવસના અંત સુધી ભારતે બીજા દાવમાં 2 વિકેટે 90 રન બનાવી 96 રનની સરસાઈ મેળવી

બુમરાહે 14મી વખત 5 વિકેટ લીધી

હેરી બ્રુક એક રન માટે સદી ચુક્યો

કે એલ રાહુલ 47 અને ગિલ 6 રન બનાવી રમતમાં

લીડ્સ, તા. 22 (પીટીઆઈ): રવિવારે અહીં પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે ઈંગ્લેન્ડે 465 રન બનાવીને ભારતને મોટી સરસાઈ લેવા દીધી ન હતી ત્યારબાદ બાદ બીજી ઈનિંગમાં કે એલ રાહુલે શાનદાર 47 રન બનાવ્યા હતા.

ભારતે પાંચ કેચ છોડ્યા હતા અને જસપ્રીત બુમરાહ સિવાય બાકીના ઝડપી બોલરોના પ્રયાસો અપેક્ષા મુજબ ન હતા, જેના કારણે શુભમન ગિલની આગેવાની હેઠળની ટીમે તેની પ્રથમ ઈનિંગમાં 471 રન બનાવ્યા બાદ ઈંગ્લેન્ડે રમતને બરાબર કરી દીધી હતી. હવે મેચનું પરીણામ અનુક્રમે ત્રીજી અને ચોથી ઈનિંગ પર ટકેલું છે.

દિવસના અંતે, ભારતે બે વિકેટે 90 રન બનાવ્યા હતા અને રાહુલ (47 રન) અને શુભમન ગિલ (6 રન) રમી રહ્યા હતા.

બ્રાયડન કાર્સે યશવી જયસ્વાલને (4 રન) પાછળ કેચ કરાવ્યો જ્યારે બેન સ્ટોક્સે ડેબ્યુટન્ટ સાઈ સુદર્શનને (30 રન) મેચમાં બીજી વખત આઉટ કર્યો હતો. હેડિંગ્લીમાં વરસાદ પડતાં દિવસની રમત સમાપ્ત કરવામાં આવી ત્યારે ભારત 96 રનથી આગળ હતું.

આ પહેલાં ગઈકાલના સ્કોર 3 વિકેટે 209 રનથી આગળ રમવાનું શરૂ કરતા હેરી બ્રુકે ઈંગ્લેન્ડ માટે ઝડપથી રન બનાવ્યા હતા પણ તે 99 રન પર આઉટ થયો હતો જ્યારે જસપ્રીત બુમરાહ પાંચ વિકેટ લીધી હતી, તેણે 14મી વખત આ સિદ્ધી પ્રાપ્ત કરી છે.

બુમરાહ જોશ ટંગને આઉટ કરીને ઈંગ્લેન્ડની ઈનિંગનો અંત લાવે તે પહેલાં, ક્રિસ વોક્સે (55 બોલમાં 38 રન) ભારતીય ઝડપી બોલિંગ આક્રમણની નબળાઈનો લાભ ઉઠાવી ટીમને ભારતના 471 રનની નજીક પહોંચાડી દીધી.

ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ડેવિડ લોરેન્સને શ્રદ્ધાંજલિ આપવા ખેલાડીઓએ કાળી પટ્ટી પહેરી

રવિવારે અવસાન પામેલા ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ડેવિડ લોરેન્સને શ્રદ્ધાંજલિ આપવા માટે ભારત અને ઈંગ્લેન્ડના ખેલાડીઓએ કાળી પટ્ટી પહેરી હતી. બંને ટીમો ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર ડેવિડ 'સીડ' લોરેન્સને શ્રદ્ધાંજલિ આપવા માટે કાળી પટ્ટી પહેરીને મેદાનમાં ઉતરી હતી. ત્રીજા દિવસે રમત શરૂ થાય તે પહેલાં થોડા સમય માટે મૌન રાખવામાં આવ્યું હતું.

ટેસ્ટમાં 150 કેચ પકડનાર પંત ત્રીજો ભારતીય વિકેટકીપર બન્યો

ક્રમ	ખેલાડી	ઈનિંગ્સ	કેચ
1	એમએસ ધોની	166	256
2	સૈયદ કિરમાની	151	160
3	ઋષભ પંત	86	151*
4	કિરણ મોરે	90	110
5	નયન મોંગિયા	77	99
6	રિદ્ધિમાન સાહા	77	92

રવિવારે ઋષભ પંતે વધુ એક સિદ્ધી પોતાના નામે કરી હતી, તે ટેસ્ટ મેચમાં 150 કેચ પકડનાર ત્રીજો ભારતીય વિકેટકીપર બન્યો હતો. ત્રીજા દિવસે ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સનો કેચ પકડતા જ તેણે 150 કેચ પૂરા કર્યા હતા. એમ એસ ધોની અને સૈયદ કિરમાનીએ તેના કરતા વધુ કેચ પકડ્યા છે.

બુમરાહે કપિલ દેવના રેકોર્ડની બરોબરી કરી

બુમરાહે 14મી વખત ટેસ્ટમાં 5 વિકેટ લેવાનો કારનામો કર્યો છે. આ સાથે જ તેણે કપિલ દેવનો વિદેશી ધરતી પર કોઈ ભારતીય બોલર દ્વારા 12 વખત 5 વિકેટ લેવાના રેકોર્ડની પણ બરોબરી કરી લીધી છે.

વિદેશી ધરતી પર સૌથી વધુ 5 વિકેટ લેનાર ભારતીય

ખેલાડી	સંખ્યા
કપિલ દેવ	12
જસપ્રીત બુમરાહ	12
અનિલ કુંબલે	10
ઈશાંત શર્મા	9
ઝહીર ખાન	8
આર અશ્વિન	8

ભારત પ્રથમ દાવ 471 રન

ઈંગ્લેન્ડ પ્રથમ દાવ

	રન	બોલ	4	6
કાવલી કો નાયર બો બુમરાહ	4	6	1	0
ડકેટ બો બુમરાહ	62	94	9	0
ઓલી કો પંત બો પ્રસિદ્ધ	106	137	14	0
રૂટ કો નાયર બો બુમરાહ	28	58	2	0
બ્રુક કો ઠાકુર બો પ્રસિદ્ધ	99	112	11	2
સ્ટોક્સ કો પંત બો સિરાજ	20	52	3	0
સ્મિથ કો સુદર્શન બો પ્રસિદ્ધ	40	52	5	1
વોક્સ બો બુમરાહ	38	55	3	2
બ્રીડોન બો સિરાજ	22	23	4	0
ટંગ બો બુમરાહ	1	18	2	0
બશીર અણનમ	1	4	0	0
વધારાના	34			
કુલ 100.4 ઓવરમાં 10 વિકેટે	465 રન			

વિકેટ પતન: 1-4, 2-126, 3-206, 4-225, 5-276, 6-349, 7-398, 8-453, 9-460, 10-465

બોલિંગ

	O	M	R	W
જસપ્રીત બુમરાહ	24.4	5	83	5
મોહમ્મદ સિરાજ	27	0	122	2
પ્રસિદ્ધ કૃષ્ણ	20	0	128	3
રવિન્દ્ર જાડેજા	23	4	68	0
શાર્દુલ ઠાકુર	6	0	38	0

ભારત બીજો દાવ

	રન	બોલ	4	6
જયસ્વાલ કો સ્મિથ બો કાર્સે	4	11	1	0
રાહુલ અણનમ	47	75	7	0
સુદર્શન કો કાવલી બો સ્ટોક્સ	30	48	4	0
ગિલ અણનમ	6	10	1	0
વધારાના	3			
કુલ 23.5 ઓવરમાં 2 વિકેટે	90 રન			

વિકેટ પતન: 1-16, 2-82

બોલિંગ

	O	M	R	W
ક્રિસ વોક્સ	6	2	18	0
બ્રાયડન કાર્સે	5	0	27	1
જોશ ટંગ	5	0	15	0
શોએબ બશીર	2.5	1	11	0
બેન સ્ટોક્સ	5	1	18	1

ગાંગુલીને ભારતીય ટીમના કોચ બનવામાં કોઈ વાંધો નથી

મને રાજકારણમાં કોઈ રસ નથી

કોલકાતા, તા. 22 (પીટીઆઈ): ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ રાજકારણમાં પ્રવેશવાનો ઇનકાર કર્યો હતો પરંતુ કહ્યું હતું કે તેમને ભારતીય ટીમના કોચ બનવામાં કોઈ સમસ્યા નથી.

જુલાઈમાં 53 વર્ષના થનારા ગાંગુલીને જ્યારે પૂછવામાં આવ્યું કે શું તેઓ ભારતીય ટીમના કોચ બનવા માગે છે, ત્યારે તેમણે પીટીઆઈને આપેલા પોડકાસ્ટ ઇન્ટરવ્યુમાં કહ્યું, 'મેં આ વિશે વિચાર્યું નથી કારણ કે હું અલગ અલગ ભૂમિકાઓમાં રહ્યો છું.' તેમણે કહ્યું, 'મેં 2013માં સ્પર્ધાત્મક ક્રિકેટ રમવાનું છોડી દીધું અને પછી બીસીસીઆઈ પ્રમુખ બન્યો.'

જ્યારે તેમને કહેવામાં આવ્યું કે તેઓ ભારતના કોચ બનીને વધુ યોગદાન આપી શક્યા હોત, ત્યારે ગાંગુલીએ કહ્યું, 'ચાલો જોઈએ આગળ શું થાય છે. હું ફક્ત 50 (53) વર્ષનો છું. ચાલો જોઈએ શું થાય છે. મને તેમાં કોઈ વાંધો નથી.' પણ એ બાબત ચોક્કસ છે કે તે રાજકારણમાં પ્રવેશવાનો નથી.

એમ પૂછવા પર કે પશ્ચિમ બંગાળમાં 2026માં થનારી વિધાનસભાની ચૂંટણી પહેલા શું તેઓ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાશે ત્યારે તેમણે સ્મિત કરીને કહ્યું હતું કે તેમને રાજકારણમાં રસ નથી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે ગંભીર કેટલા કુશળ રણનીતિકાર છે, ત્યારે તેમણે ગંભીરના જુસ્સા અને સ્પષ્ટ વાત કરવાની પ્રશંસા કરી.

બુમરાહ વિશ્વનો શ્રેષ્ઠ બોલર, તેનો સામનો કરવો મુશ્કેલ: ડકેટ

લીડ્સ, તા. 22 (પીટીઆઈ): ઈંગ્લેન્ડના ઓપનર બેન ડકેટ માને છે કે જસપ્રીત બુમરાહ વિશ્વનો શ્રેષ્ઠ બોલર છે અને જ્યારે તે પૂરા જુસ્સામાં બોલિંગ કરે છે ત્યારે બંને બાજુથી બોલ સ્વિંગ કરે છે ત્યારે તેનો સામનો કરવો ખૂબ જ મુશ્કેલ છે.

ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે બુમરાહએ 48 રન આપીને ત્રણ વિકેટ લીધી, જેમાં જો રૂટની વિકેટ પણ સામેલ છે. ડકેટે બીજા દિવસની રમત પછી કહ્યું, 'કોઈ પણ સંકેત આપ્યા વિના ત્રણ કે ચાર અલગ અલગ બોલ ફેંકવાની તેની ક્ષમતા અદ્ભુત છે. જ્યાં સુધી બોલ તેના હાથમાંથી ન નીકળી જાય ત્યાં સુધી તમને ખબર નથી પડતી કે તે બાઉન્સર ફેંકી રહ્યો છે કે ધીમો બોલ, યોર્કર, આઉટ સ્વિંગર કે ઇનસ્વિંગર. તમારે બોલને એટલી નજીકથી જોવો પડે છે કે તેને સમજવું ખૂબ મુશ્કેલ બની જાય છે.'

હોકી પ્રો-લીગ: ભારતીય પુરુષ ટીમે અભિયાનનો અંત જીત સાથે કર્યો

એન્ટવર્પ, તા. 22 (પીટીઆઈ): ભારતીય પુરુષ હોકી ટીમે આખરે રવિવારે અહીં FIH પ્રો લીગના યુરોપિયન લેગમાં બેલ્જિયમને 4-3થી હરાવીને પોતાનો પ્રથમ વિજય નોંધાવ્યો, આમ તેણે સતત સાત મેચોનો હારનો સિલસિલો સમાપ્ત કર્યો હતો.

સુખજીત સિંહ (21મી, 35મી મિનિટે), અમિત રોહિદાસ (36મી) અને હરમનપ્રીત સિંહના (59મી) ગોલથી ભારતે તેમના અભિયાનનો સકારાત્મક અંત કર્યો. આમ ભારત આયરલેન્ડથી 14 પોઈન્ટ આગળ રહીને આઠમા સ્થાને રહ્યું.

બેલ્જિયમ માટે આર્થર ડી સ્લોવર (8મી), થિબાઉટ સ્ટોકબ્રોક્સ (34મી) અને હ્યુગો લાબોચેરે (41મી) ગોલ કર્યા. સુખજીત અને દિલપ્રીત સિંહ માટે આ યાદગાર મેચ હતી જેમણે પોતાની 100મી આંતરરાષ્ટ્રીય મેચ પૂરી કરી હતી.

કેનેડા ટી-20 વર્લ્ડકપ માટે ક્વોલીફાઇ

ઓન્ટારિયા (કેનેડા), તા. 22 (પીટીઆઈ): કેનેડાની પુરુષ ક્રિકેટ ટીમે અમેરિકન ક્વોલિફાયરમાં બહામાસને સાત વિકેટથી હરાવીને આવતા વર્ષે ભારત અને શ્રીલંકામાં યોજાનારા ICC T20 વર્લ્ડકપ માટે ક્વોલિફાય કર્યું. આ કેનેડાની સતત પાંચમી જીત હતી. ગત ચેમ્પિયન ભારત, શ્રીલંકા, અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, અમેરિકા, વેસ્ટ ઈન્ડિઝ, આયરલેન્ડ, ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન પણ 20 ટીમોની ટુર્નામેન્ટમાં રમશે. કેનેડાએ અહીં રમાયેલી ક્વોલિફાયર મેચમાં 57 રનનો લક્ષ્યાંક 6 ઓવરમાં હાંસલ કરી લીધો હતો. પ્રથમ બોલિંગ કરતા, કેનેડાએ સ્પિનર કલીમ સના અને શિવમ શર્માની ત્રણ-ત્રણ વિકેટની મદદથી બહામાસ ની ટીમને 19.5 ઓવરમાં ઓલઆઉટ કરી હતી. આ પછી, દિલપ્રીત બાજવાના અણનમ 36 રનની મદદથી 5.3 ઓવરમાં લક્ષ્યાંક હાંસલ કર્યો હતો.

ક્લબ વર્લ્ડકપ: ઈન્ટર મિલાને ઉરાવાને 2-1થી હરાવ્યું

આ સાથે જ જાપાની ક્લબની ગ્રુપ સ્ટેજથી આગળ વધવાની શક્યતાનો અંત આવ્યો

સિએટલ (યુએસએ), તા. 22 (એપી): શનિવારે ક્લબ વર્લ્ડકપમાં વેલેન્ટિન કાર્બોનીએ સ્ટોપેજ સમયમાં ગોલ કરીને ઈન્ટર મિલાનને ઉરાવા પર 2-1થી વિજય અપાવ્યો, જેના પગલે જાપાની ક્લબની ગ્રુપ સ્ટેજથી આગળ વધવાની શક્યતાનો અંત આવ્યો હતો.

ઈન્ટર મિલાન 78મી મિનિટ સુધી ગોલ કરવામાં નિષ્ફળ ગયું હતું, જોકે તેણે મોટાભાગના સમય સુધી બોલ પર કબજો મેળવી રાખ્યો હતો. નિકોલો બરેલાનાએ કોર્નરથી આપેલા પાસને લૌટારો માર્ટિનેઝે શાનદાર રીતે સાયકલ કીક દ્વારા નેટમાં બોલ મોકલ્યો હતો.

ફ્રાન્સેસ્કો એસ્પોસિટોની મદદથી કાર્બોનીનો મેચ વિજેતા ગોલ તેના 14 મિનિટ પછી આવ્યો. આ પહેલાં ઈન્ટર અનેક વખત ગોલ કરવાની નજીક પહોંચ્યું હતું. ઉરાવાએ 11મી મિનિટમાં ગોલ કરીને તેમના ઉત્સાહી ચાહકોને આનંદ આપ્યો, જેઓ આ સિએટલ કપ મેચો માટે મોટી સંખ્યામાં આવ્યા છે. યોમા વાતાનાબેએ ટાકુરો કાનેકોના પાસની મદદથી ગોલ કર્યો. ઉરાવા પાસે સ્ટોપેજ ટાઈમની છેલ્લી મિનિટમાં ગોલ કરીને સ્કોર બરાબર કરવાની તક હતી.

જોફ્રા આર્ચર ભારત સામેની બીજી ટેસ્ટમાં રમે એવી શક્યતા

લંડન, તા. 22 (પીટીઆઈ): ઈજાગ્રસ્ત ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર 2 જુલાઈથી ભારત સામે શરૂ થઈ રહેલી બીજી ટેસ્ટથી ઈંગ્લેન્ડની ટીમમાં વાપસી કરી શકે છે જ્યારે તે ડરહામમાં સસેક્સ માટે કાઉન્ટી ચેમ્પિયનશિપ મેચ રમવા માટે તૈયાર છે. ભારત સામે તેંડુલકર-એન્ડરસન સિરીઝની પ્રથમ ટેસ્ટમાં આર્ચર અને માર્ક વુડ વિના ઈંગ્લેન્ડનું બોલિંગ આક્રમણ નબળું દેખાતું હતું. એક મીડિયા અહેવાલ મુજબ, 'જોફ્રા આર્ચર સસેક્સ માટે રેડ બોલ ક્રિકેટમાં પાછો ફરશે, જો કે તેનું નામ આ કાઉન્ટી ચેમ્પિયનશિપ મેચ માટે ટીમમાં ન હતું. જો તે આ કાઉન્ટી મેચ રમી શકશે, તો તે એજબેસ્ટન ખાતે ભારત સામેની બીજી ટેસ્ટ માટે ઈંગ્લેન્ડની ટીમમાં સામેલ થઈ શકે છે.

આઈપીએલ 2025માં રાજસ્થાન રોયલ્સ માટે રમેલો આર્ચર ઈજાઓના કારણે ચાર વર્ષથી ટેસ્ટ ક્રિકેટ રમ્યો નથી. ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે આ મહિનાની શરૂઆતમાં કહ્યું હતું કે આર્ચર લાલ બોલના ફોર્મેટમાં વાપસી કરવા માગે છે.

ઈંગ્લેન્ડનાં પ્રથમ અશ્વેત ક્રિકેટર ડેવિડ સિડ લોરેન્સનું નિધન

ગ્લોસેસ્ટર (ઈંગ્લેન્ડ), તા. 22 (એપી): ઈંગ્લેન્ડ માટે રમનારા પ્રથમ બ્રિટિશ મૂળના અશ્વેત ક્રિકેટર ડેવિડ સિડ લોરેન્સનું રવિવારે અવસાન થયું હતું. તેઓ 61 વર્ષનાં હતાં. લોરેન્સના પરિવારે રવિવારે ગ્લોસ્ટરશાયર દ્વારા એક નિવેદન દ્વારા આ જાહેરાત કરી હતી, જ્યાં લોરેન્સ ક્લબના અધ્યક્ષ હતા. તેમણે એક વર્ષ પહેલા જાહેરાત કરી હતી કે તેમને મોટર ન્યુરોન રોગ છે. તેમણે 1988-92 દરમિયાન ઈંગ્લેન્ડ માટે પાંચ ટેસ્ટ રમ્યા અને 18 વિકેટ લીધી. વેલિંગ્ટનમાં ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટના અંતિમ દિવસે બોલિંગ કરવા દોડતી વખતે પડી જવાથી તેમના ઘૂંટણની ટોપી તૂટી જતાં તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દી 28 વર્ષની ઉંમરે અકાળે સમાપ્ત થઈ હતી. ઈંગ્લિશ કાઉન્ટી સર્કિટ પર સૌથી ઝડપી બોલરોમાંના એક તરીકે પ્રખ્યાત, લોરેન્સે 1991માં વેસ્ટ ઈન્ડિઝ સામે પાંચ વિકેટ લીધી હતી (જેમાં વિવિયન રિચાર્ડ્સની વિકેટ પણ સામેલ હતી.

મહિલા ટીમનો બેલ્જિયમ સામે પરાજય

યુરોપિયન લેગમાં ભારતીય ટીમનો સતત છઠ્ઠો પરાજય

એન્ટવર્પ (બેલ્જિયમ), તા. 22 (પીટીઆઈ): ભારતીય મહિલા હોકી ટીમ બેલ્જિયમ સામે રવિવારે 0-2થી હારી ગઈ હતી, જે FIH પ્રો લીગના યુરોપિયન લેગમાં તેનો સતત છઠ્ઠો પરાજય છે. બે ગોલ રહિત ક્વાર્ટર પછી, બેલ્જિયમે ત્રીજા ક્વાર્ટરમાં સતત બે ગોલ કરીને વિજય સુનિશ્ચિત કર્યો. બેલ્જિયમે શનિવારે પણ ભારતીય ટીમને 5-1થી હરાવી હતી. એમ્બ્રે બેલેન્ગીએ 40મી મિનિટે બેલ્જિયમને લીડ અપાવી હતી જ્યારે લિયાન હિલેવાર્ટે તરત જ બીજો ગોલ કરીને બેલ્જિયમને 2-0થી આગળ કરી દીધું હતું.

સુડોકુ - 'કૂટ' દરપણ

૨	૧			૮			૫	૭
		૯		૭		૪	૨	
૪			૩					
૩	૨	૧			૬			
૯		૭	૧	૪			૬	૩
		૪	૮	૩		૭		
	૪		૫	૯		૬	૩	૮
૫	૬	૮						
૭	૯	૩		૬	૮		૪	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૫	૨	૬	૭	૩	૨	૯	૭	૭
૭	૭	૨	૯	૬	૪	૭	૩	૫
૭	૯	૩	૨	૫	૬	૨	૪	૬
૨	૬	૭	૭	૯	૭	૪	૫	૩
૯	૩	૫	૨	૪	૬	૭	૭	૨
૪	૫	૭	૩	૭	૨	૬	૯	૧
૩	૭	૪	૬	૨	૯	૫	૨	૭
૬	૨	૪	૭	૯	૫	૩	૧	૭
૭	૫	૧	૨	૭	૩	૬	૭	૪

૧૮૨૩-૭૬૬૭ ક્રીડાર્ક

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

ગેસ - વાયુ

કેરી ની ઋતુ મા કોઈને પથ્ય પાલન કરવા કહેવું પડે ત્યારે આ સુરતી આત્માને અત્યંત દુઃખ થાય છે. તેમાં આ વર્ષે તો વરસાદ પણ વહેલો આવી ગયો. પાચન ક્રિયા જવાબ દઈ દે. સૂંઠ, સંચળ અને શેકેલા સૂવા સમ ભાગે ભેળવી દળી લો. જમ્યા પછી એક ચમચી ચૂર્ણ પાણી સાથે લઇ લો.

શબ્દગુંફન - ૬૯૯૭

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી

૧. એક ફૂલ (૫)
૪. સહાય, મદદ (૩)
૬. બાગ, આનંદ (૩)
૭. તપસ્યા (૨)
૯. ખોરાક, ખોટ (૨)
૧૦. નવી પરણેલી વહુ (૨)
૧૧. ફરિયાદ (૨)
૧૨. ચાલવાનો અવયવ, ચરણ (૨)
૧૩. હાથી (૨)
૧૪. લેખ, દસ્તાવેજ (૨)
૧૫. વિષ, ઝેર(૨)
૧૬. પુરુષ, મનુષ્ય (૨)
૧૭. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૧૯. વાંચનાર (૩)
૨૦. નમેલું (૨)
૨૨. નાદાન, અણસમજુ (૩)
૨૩. સહેજ, થોડુંક (૩)
૨૫. ઉપાધિ, દરજ્જો (૨)
૨૬. પ્યાલો (૨)
૨૮. શ્રી વિષ્ણુ (૨)
૨૯. બિયું, બી (૨)
૩૧. ધાતુનો ખખડવાનો અવાજ (૪)
૩૩. જખમ (૨)
૩૪. ઠંડુ નહિ એવું ઊનું (૩)
૩૫. રસપૂર્વક (૪)

ઊભી ચાવી

૧. એક પ્રકારનો ક્ષાર (૪)
૨. ઔષધિના ગુણવાળું મૂળિયું (૨)
૩. ખાવાની એક વાની (૩)
૪. સિંહ (૪)
૫. લીન, ડૂબેલું (૨)
૮. પાણું (૩)
૧૦. તક, પ્રસંગ (૨)
૧૨. પંદર દિવસે નીકળતું (૫)
૧૩. ફળ કે ઝાડનાં થડનો ગર્ભ (૨)
૧૪. ઠગારું, લુચ્ચું (૨)
૧૬. અનુકરણ (૩)
૧૭. અભિપ્રાય (૨)
૧૮. અવિવેકી, અસભ્યતા (૪)
૨૦. ચેતતો ... સદા સુખી (૨)
૨૧. અવાજ, ઘોષ (૨)
૨૪. ગીતની રચના કરનાર (૪)
૨૫. કુટુંબ (૪)
૨૭. શુદ્ધ, પાવન (૩)
૩૦. વિશ્વ, દુનિયા (૨)
૩૨. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)

૭૭૨૩૬ - ૭૬૬૭ ક્રીડાર્ક

આજનું પંચાંગ

તા. 23/06/2025, સોમવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1947
વીર સંવત : 2551 **માસ :** જેઠ
તિથિ: વદ: તેરસ : 22:11-સોમ પ્રદોષ
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 02
યોગ : ધૃતિ **કરણ:** ગર
નક્ષત્ર : કૃત્તિકા : 15:18
રાશિ: વૃષભ (બ.વ.ઉ.)
દિવસ : અશુભ - શિવરાત્રી
સુરતમાં સૂર્યોદય : 06:00 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
નવકારસી : 06:48
પારસી વર્ષ : 1394, બહમન માસનો 13મો રોજ
મુસલમાન વર્ષ : 1446, જિલ્હેજ માસનો 26મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળ : સવારે 07:30 થી 09:00 સુધી

મેષ (અ,લ,ઇ,): પારિવારીક ધંધામાં નવી યોજનાથી લાભ થાય. ઉઘરાણી આવે. વારસા વગેરેનાં કામમાં પ્રગતિ થાય.

વૃષભ (બ,વ,ઉ,): સ્વજનો અને ઉપરી વર્ગ સાથે ઘર્ષણ થઇ શકે છે. વધુ પડતાં કામનો થાક જોવા મળે. ધીરજ રાખવી.

મિથુન (ક,છ,ઘ,): આર્થિક બાબતે કોઈની વાતોમાં આવવું નહીં સામાજિક કાર્યથી માન મળે. વિદેશના કામમાં પ્રગતિ.

કર્ક (ડ,હ,): શિક્ષણ, શેર, બજાર, મોજ શોખ વગેરે ધંધામાં લાભ થાય. પ્રેમ વિવાહની અનુકૂળતા થાય.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): નવા ઘર, મિલકતના સોદા થઇ શકે છે. નોકરીમાં નવા ફેરફારથી અનુકૂળતા વધશે.

કન્યા (પ,ઠ,ણ,): કાયદા બાબતે મદદ મળે. વિદેશ પ્રવાસ મિડીયા અને ઉચ્ચ શિક્ષણનાં કામમાં મદદ મળે.

તુલા (ર,ત,): આરોગ્ય નરમ રહે. અણગમતા લોકોને મળવાથી અશાંતિ વધે. વાહન ધીમે હાંકવું.

વૃશ્ચિક (ન,ય,): સરકારી કામ, કોર્ટ, કચેરી અને સામાજિક કામમાં અનુકૂળતાથી શાંતિ મળે. ઘરમાં તાલ મેળ રહે.

ધન (ભ,ધ,ફ,ઢ,): વિજાતિય મિત્રોનો સાથ મળે. નોકરીમાં નવી જવાબદારી વધે. સરકારી યોજનાનો લાભ મળે.

મકર (ખ,જ,): વિદ્યાર્થીઓને ટેકનોલોજીનું શિક્ષણ મળે જીવન સાથી-સંતાનોના કામમાં પ્રગતિ થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): જમીન, ખેતી અને વારસા બાબતે. કુટુંબમાં અશાંતિ વધે. બહારના કામનો બોજ વધે.

મીન (દ,ચ,ઝ,થ,): મોર્ડન ટેકનોલોજી, ટ્યુશન, પ્રવાસ તથા દલાલીના ધંધામાં ભાગ્યનો સાથ મળે. પ્રવાસ થાય.

કોઇ પણ સાલમાં 23 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ મય પસાર થશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી સાથે નવી તકો નવો ફેરફાર અને હરીફોના પ્રશ્નો પણ વધે. સમાજમાં અશાંતિ વધે. ટેકનોલોજીનો લાભ મળે. વિદ્યાર્થીઓની મહેનત વધે. નવા નોકરી-ધંધા-વ્યવસાયમાં સંઘર્ષ વધશે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી અટકે. નવાં રોકાણમાં ધીરજ રાખવી પડશે. નવા ઘર, વાહન, મકાન, તથા વારસા, જાયદાદ, જમીન વગેરે કામમાં અવરોધ આવે છતાં વર્ષ દરમિયાન થતા રહે. સરકારી કામ, કોર્ટ, કચેરી તેમજ વિદેશના કામ ધીમાં પડશે. ઉમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ કેરીયરમાં મિત્રોની મદદ મળે. વડીલો સામાજિક કામમાં મદદરૂપ બને. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન, ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં નોકરીમાં પ્રમોશન થઇ શકે છે. જૂન-જુલાઈમાં આવક કરતાં ખર્ચા વધશે. મન પર ભાર વધે.

APPLE CINEMA
ફ્રુટી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
8238380822
@applecinemasurat
* મસાજર બેડ * કપલ બેડ * વીઆઈપી રીકલાઈનર
Book Tickets Now from : bookmyshow.com paytm
સુપરડુપર હીટ ફિલ્મ
SitAAre zameeN PAR
કુબેરા * નાગાર્જુન * ધનુષ * રશ્મિકા મંદાના
૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, રાત્રે ૧૦.૧૫, ૧૧.૨૦
સિતારે જમીન પર * આમીર ખાન * જેનેલિયા દેશમુખ
૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૩૦